**મે.ધનસુરાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધનસુરા**

**ફોજદારી કે.નં.૧૦૬૨/૨૨**
**આંક– ૮**

**શ્રી સરકાર** **ફરીયાદી**

**વિરુધ્ધ.**

**રણજીતસિંહ નટવરસિંહ પરમાર** **આરોપી**

**ગુન્હો–** **પ્રોહી કલમ :–૮૫(૧)૬૬(૧)(બી) મુજબ**

**::–ઠરાવ:–**

**૧.** હાલના ગુનાના કામે ફરીયાદ પક્ષની ફરીયાદ હકીકત જોતા આરોપી સામે પ્રોહી કલમ ૮૫(૧)૬૬ (૧)(બી) બી)મુજબ ના ગુન્હાનુ તહોમત મુકવામાં આવે છે અને જે ગુના સબબ ત.ક.અમલદારે પૂરતા પુરાવા હોયઆરોપી સામે સબબ ગુના બાબતે ચાર્જશીટ કરેલ છે.જે ચાર્જશીટ વંચાણે અને ધ્યાને લેતાં આરોપીએ ઉપરોકતકલમ મુજબનો ગુનો કરેલ હોવાનો આરોપ છે. ત્યાર બાદ આરોપી સામે ધોરણસર સમન્સ કરતા જેઓ નામદારકોર્ટમાં હાજર થતા જેઓનુ સી.આર.પી.સી.કલમ–૨૦૭ પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ છે અને ત્યાર બાદઆરોપી સામે ઈન્સાફી કાર્યવાહી કરતા પહેલા આરોપી કે જેઓ ગુન્હા સબબ કબુલાત કરવા માંગતા હોયજેઓએ કબુલાત પુરસીસ **આંક.૫** થી આપેલ છે. જે કબુલાત પુરસીસને આધારે તેઓના જણાવવામાંઅને સમજાવવામાં આવે છે કે તેઓ ગુનો કબુલ કરવા માટે કાયદાકીય રીતે બંધાયેલ નથી. છતાં પણ તેઓગુનો કબુલ કરવા જણાવતા હોય તેઓને ગુના સબબ સજમ કરી અને જેઓ ગુનો કબુલ કરવા માંગતા હોય**આંક.૭** થી તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવી અને જેમાં પણ તેઓ કોઈના કોઈપણ જાતના દાબ દબાણ,ધાક–ધમકી, બળજબરી વગર સ્વૈચ્છીક ગુનો કબુલ કરવાનુ જણાવે છે.

**૨.**આરોપીએ જે ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે તેમાં, તેઓએ જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસછે. ઘરમાં પોતે એક જ કમાવનાર વ્યકતી છે, ઘરના તમામ વ્યકતીના ભરણપોષણની જવાબદારી તેમના પરશીરે છે. આ તેમનો પ્રથમ ગુનો છે તેમજ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યામાં આવો કોઈગુનો નહી કરેલ તેની ખાતરી આપેલ છે અને દયા કરી જેમ બને તેમ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**૩.**આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલરજુઆતોને લ ક્ષમાં લેતા તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હીરાચંદ ઠાકોર, ૨૦૦૫(૧), એલ.આર.–૭૦૯તેમજ રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨), એલ.આર.)–૯૭૪ પર પ્રસિધ્ધથયેલ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપીત કરવામાં આવેલ સિધ્ધાુતો તથા કેસના સંજોગો ધ્યાનેલેતાં, જો પુરતા કારણો જણાય તો, અદાલત ન્યુનતમ કરતા ઓછી સજા પણ કરી શકે છે. આમ,ઉપરોકત સંજોગો, નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અને આરોપીની કબુલાત ધ્યાને લેતાં, આરોપીને સજાકરવી જોઈએ તેવુ નમ્ર પણે માનવુ છે.

**૪.**આરોપીની કબુલાત પુરસીસને લક્ષમાં લેતા તેમજ આરોપીની નામ.અદાલતની રજુઆત લક્ષમાં લેતાં આરોપી નોઆ પ્રથમ ગુનો હોઈ, આરોપી ગ્રામ્ય વાતાવરણમાંથી આવતા હોય, આરોપી કટુંબનો એકમાત્ર આધાર હોઈ, જો લાંબા સમય સુધી કેદની સજા કરવામાં આવે તો તેમના કુટુંબના ભરણપોષણનો પશ્નઉપસ્થિત થાય તેમ છે અને આરોપીના કથીત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનોને થનાર હોય,આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી બને તેવી ખાતરીપણ આપતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર, ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી ધ્વારાકરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતા તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપીતકરવામાં આવેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતા, આરોપીને લાંબા સમયની કેદની સજા કરવાને બદલે હળવી સજાકરવાને પાત્ર હાથ ઉપરનો કેસ હોય જેથી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને દંડ કરતી વખતે પણઆરોપીને દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહી અને આરોપીની સ્થીતી જોતા તથા કરવામાં આવેલરજુઆતોને લક્ષમાં લેતા, ઓછીરકમનો દંડ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે જેથી આરોપીને તેમની સામેનાગુના સબબ તકરસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળહીતમાં નીચે મુજબનો હુકમ કરવામાંઆવે છે.

**–::હુકમ::–**

આ કામના આરોપીને ક્રી.પ્રો.કો.ની કલમ ૨૫૨ મુજબ ધી બોમ્બે પ્રોહી કલમ– ૮૫(૧)૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવીને રૂ.૧૦૦/–(અંકે રૂપીયા એકસો પુરા) દંડ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨ માહે– નવેમ્બર સને–૨૦૨૨ ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ– ધનસુરા
તા.૧૨/૧૧/૨૦૨૨

(સંજયકુમાર ચીમનલાલ પટેલ)
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ.
ધનસુરા.
Code No. GJ00764